BRAMPTON Flower City brampton.ca

media release

ડિસેમ્બર 7, 2018

# શિયાળાની ગમ્મતનું ઝાપટું બ્રૅમ્પટન ખાતે આવી રહ્યું છે

## *આઉટડોર સ્કેટિંગ, માઉન્ટ ચિંગકુઝી, દાન દક્ષિણાના પ્રસંગો અને બીજું ઘણું બધું!*

બ્રૅમ્પટન, ઓન્ટારિયો– આવતા થોડા અઠવાડિયાઓમાં શિયાળાની પ્રવૃત્તિઓની ભરમારથી બ્રૅમ્પટન ગુંજી ઉઠશે અને ચોક્કસ જ તમને તેમાં ભાગ લેવાની મઝા આવશે! આઉટડોર સ્કેટિંગથી સ્કિઈંગ સુધી અને સાન્તા મહોદય સાથે સવારનો નાસ્તો તેમજ તહેવારલક્ષી સખાવતી ઈવેન્ટ્સ, દરેક જણ માટે કંઈકને કંઈક તો છે જ.

આ શિયાળે બ્રૅમ્પટનમાં શું શું થશે?

**આઉટડોર સ્કેટિંગ**

આઉટડોર સ્કેટિંગ રિંકના સ્થળો હવામાન આધારિત છે અને રિંક્સ ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં જ ખુલ્લા મુકી દેવાય તેમ બને. ડિસેમ્બર 7ના રોજ ગેજ પાર્ક આઉટડોર સ્કેટિંગ ટ્રેઈલ (Gage Park Outdoor Skating Trail) જનતા માટે ખુલ્લું મુકવામાં આવી ચુક્યું છે. વધારાનાં આઈસ રિંક અંગેના અપડેટ્સ માટે રાહ જોશો.

હાલમાં સીટી ત્રણ નિઃશુલ્ક આઉટડોર આઈસ સ્કેટિંગ રિંક્સ ચલાવે છે. ચિંગકુઝી પાર્ક સ્કેટ ટ્રેઈલ (Chinguacousy Park Skate Trail), માઉન્ટ પ્લેઝન્ટ આઉટડોર સ્કેટિંગ રિંક (Mount Pleasant Outdoor Skating Rink), અને ગેજ પાર્ક આઉટડોર સ્કેટિંગ ટ્રેઈલ (Gage Park Outdoor Skating Trail).

જો હવામાન સાનુકૂળ હશે તો વિન્ટર 2018માં ગોર મેડોઝ કમ્યુનિટી સેંટર (Gore MeadowsCommunity Centre)ની આવરિત આઉટડોર આઈસ સ્કેટિંગ રિંક ખુલ્લી મુકાવાની ગણતરી છે. શુલ્ક લાગુ.

વધુ માહિતી અહીં ઉપલબ્ધ છે.

**પાર્કમાં ક્રિસ્મસ (Christmas in the Park)**

ચિંગકુઝી પાર્ક ખાતે શનિવારે, ડિસેમ્બર 15ના રોજ પરિવારો આખો દિવસ રજાઓની મઝા માણી શકશે. પ્રવૃત્તિઓમાં સામલ છે સાન્તા મહોદય સાથે સવારનો નાસ્તો, સાન્તા મહોદયને પત્રો લખવા અને જીંજરબ્રેડનાં ઘર બનાવવા. **પ્રત્યેક પ્રવૃત્તિ માટે** રજિસ્ટ્રેશન કરાવવું આવશ્યક છે.

**માઉન્ટ ચિંગકુઝી – સ્કિઈંગ, સ્નોબોર્ડિંગ અને ટ્યુબિંગ**

હિમવર્ષા થાય ત્યારે માઉન્ટ ચિંગકુઝી પ્રવૃત્તિઓથી ગુંજી ઉઠે છે. બ્રૅમ્પટનનાં પોતાના સ્કિ, સ્નોબોર્ડ અને ટ્યુબિંગ હિલ પર ભેગા થાવ અને તેના મનોરમ ઢાળો પર સ્કિઈંગ કરો જેની શરૂઆત ડિસેમ્બર 27થી થશે. તમારા સ્કિ કરવાનાં કૌશલ્યોને સ્કિ કે સ્નોબોર્ડના પાઠ ભણીને તેજ કરો

અથવા બસ માત્ર હુંફાળા શૅલેમાં મસ્તી કરો. સ્કિ શૅલેનો પ્રવેશ દ્વાર સેંટ્રલ પાર્ક ડ્રાઇવ (Central Park Drive) અને બ્રૅમલી રોડ (Bramalea Road)ના ખુણે છે.

વધુ માહિતી અહીં ઉપલબ્ધ છે.

**રજાઓનાં કાર્યક્રમો (Holiday programs)**

જાત જાતનાં કૅમ્પ્સ અને અન્ય ફેસ્ટિવ પ્રોગ્રામ્સમાં ભાગ લઈને રજાઓમાં આનંદ લૂંટો અને સક્રિય રહો. પૂર્વેની અને પછીની કાળજીની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

વધુ માહિતી અહીં ઉપલબ્ધ છે.

**બ્રૅમ્પટન નુતનવર્ષ પૂર્વસંધ્યા 2018**

આ વખતની નુતનવર્ષની પૂર્વસંધ્યાએ, ગમ્મતનો ગુલાલ, પરિવારોને ગમતી પ્રવૃત્તિઓ, લાઇવ મનોરંજન અને ડાઉનટાઉન બ્રૅમ્પટનમાં આતશબાજી.

એક લાઇવ કન્સર્ટ જેને બ્રૅમ્પટનના પોતાના સાઉન્ડ્રાઇવ રેકોર્ડ્સ (SounDrive Records)નાં સમર્થનથી ક્યુરેટ કરવામાં આવશે તે સોમવાર, 31 ડિસેમ્બરના રોજ મધ્યરાત્રિએ ગાર્ડન સ્ક્વેરમાં હાથ ધરાશે. કન્સર્ટમાં ભાગ લેશે મુખ્ય કલાકાર શૉન હૂક (Shawn Hook) તેમજ જુલિયન ટેલર બૅન્ડ (Julian Taylor Band) અને બ્રૅમ્પટનમાં સ્થિત કલાકારો રાઝ (Raz), મેલ રોઝ (Melle Rose) અને ડીજે ટૅમ (DJ Tam). ટિમ હૉર્ટન્સ દ્વારા પ્રસ્તુત બે રોમાંચક આતશબાજી રાત્રે 9 વાગ્યે અને મધ્યરાત્રિએ થશે.

ગાર્ડન સ્ક્વેરની બહાર પણ ગમ્મતનો ગુલાલ ઉડશે. આ વર્ષે, સીટી હૉલ ખાતે સાંજે 6:30 થી રાત્રે 9 વાગ્યા સુધી પરિવારોને ગમી જાય એવું મનોરંજન કન્ઝરવેટરીમાં લાઇવ ડાન્સ પાર્ટી દ્વારા અને ફરતા જાદુગર દ્વારા અપાશે અને એટ્રિયમમાં વૉર્મિંગ એરિયા હશે. જ્યારે સીટી હૉલ ખાતેની પાર્ટીનું સમાપન થાય ત્યારે પરિવારોને આહ્વાન કરવામાં આવે છે કે તેઓ ગાર્ડન સ્ક્વેર ખાતેની વહેલી રાત્રે 9 વાગ્યે થનારી આતશબાજીનો આનંદ લે.

સર્વેને હજારોની સંખ્યામાં ચમકતી વિન્ટર લાઇટ્સ જોવા તથા ટ્રેઇલ પર સ્કેટ કરવા ગેજ પાર્ક (Gage Park)ની મુલાકાત લેવા આહ્વાન કરવામાં આવે છે.

વધુ માહિતી અહીં ઉપલબ્ધ છે.

**દાન દક્ષિણાના પ્રસંગો**

*બ્રૅમ્પટન એનિમલ શેલ્ટરમાં 12 દિવસની ક્રિસમસ*

બ્રૅમ્પટન એનિમલ શેલ્ટર ડિસેમ્બર 7 થી 18, 2018 સુધી 12 ડેઝ ઑફ ક્રિસમસ ઈવેન્ટનું આયોજન કરીને પ્રસન્નતા ફેલાવશે. ગિવિંગ બૅક ઈવેન્ટ્સ માટે અને મઝાના ઈનામો જીતવા તમને અને તમારા ચારપગા મિત્રને અમારી સાથે જોડાવાનું હાર્દિક આમંત્રણ છે તેમજ તહેવારોની પ્રવૃત્તિઓમાં અમારી મુલાકાત જરૂર લેશો.

BRAMPTON Flower City
brampton.ca

media release

વધુ માહિતી [અહીં ](#)ઉપલબ્ધ છે.

ડિસેમ્બર 3 થી 16 સુધી નાગરિકોને સિટી હૉલ અથવા કોઈપણ બ્રૅમ્પટનના કમ્યુનિટી સેન્ટર કે લાઈબ્રેરીમાં બગડી ન જાય એવી ખાવાની આઈટમો અથવા પડીકે ન બાંધેલા રમકડાં આપી જવા આહ્વાન કરવામાં આવે છે. **આપણા સમુદાયમાં જરૂરિયાતમંદ પરિવારોમાં વિતરણ કરવા માટે સ્થાનિક ફૂડ બેંક અને કમ્યુનિટી કિચન** [દ નાઈટસ ટેબલ (The Knights Table)](#),ને દાન આપવામાં આવશે.

વધુ માહિતી [અહીં](#)ઉપલબ્ધ છે.

***સ્ટફ-એ-જીપ (Stuff-A-Jeep)***

એન્ફોર્સમેન્ટ ઓફિસરો વોલમાર્ટ, 50 ક્વોરી એજ (Walmart, 50 Quarry Edge) પર હાજર રહીને બ્રૅમ્પટનના સમાજના જરૂરિયાતમંદોને મદદરૂપ થવા ખાવાની વસ્તુઓ અને રમકડાંના દાન સ્વીકારશે. દાન કરેલ તમામ આઈટમ સ્થાનિક ટોયસ ફોર ટોટ્સ અને સાલ્વેશન આર્મી ફૂડ શેરિંગ નેટવર્કને આપવામાં આવશે.

**ક્વોટ:**

"રજાઓ એટલે બ્રૅમ્પટનમાં રોમાંચથી ઊભરાતી પળો – આપણું શહેર હજારો રોશનીઓથી ઝગમગી ઉઠશે જ્યાં મિત્રો અને પરિવારો આપણી સ્કેટિંગ રિંગ્સ પર અને માઉન્ટ ચિંગકુઝીના ઢાળો પરથી સરકતા હશે, આપણે ચકિત કરે નાખે એવા મનોરંજનને માણતા અને આપણા સમુદાયને કંઈક પાછું આપીને પ્રસન્નતાની સુવાસ ફેલાવતા નૂતન વર્ષની ઊંધી ગણતરી શરૂ કરીશું. 2018 ની રજાઓની સિઝન બધાને આનંદિત કરી દેશે, અને હું તમામ બ્રૅમ્પટન નિવાસીઓને આ ઉજવણીઓમાં ભાગ લેવાનું આહ્વાન આપું છું."

- મેયર પેટ્રિક બ્રાઉન (*Mayor Patrick Brown)*

-30-

**બ્રૅમ્પટન વિશાળ આયોજનો વિષે વિચારે છે.** અમે તીક્ષ્ણ ફોકસ ધરાવતા ભવિષ્ય માટે તૈયાર સંગઠન છીએ. અમે જાણીએ છીએ કે આપણા સમુદાયની વૃદ્ધિ, યુવાની અને વૈવિધ્ય આપણને અલગ ઓળખ પ્રદાન કરે છે. અમે કૅનેડાના ઈનોવેશન સૂપર કૉરિડોર ખાતે સ્થિત છીએ જ્યાં રોકાણોને પ્રોત્સાહિત કરીએ છીએ અને વૈશ્વિક સ્તરે અમારી સફળતામાં વૃદ્ધિ કરી રહ્યા છીએ. અમે બનાવી રહ્યા છીએ એવા ગતિશીલ શહેરી કેન્દ્રો જે તકોનો તણખો ચાંપે છે અને અહીં કામ કરતા લોકોમાં ગૌરવની લાગણીનો સંચાર કરે છે. અમે બ્રૅમ્પટનને આગળ ધપાવી રહ્યા છીએ જેથી તે એક જોડાણ ધરાવતું શહેર બને જે પ્રવર્તનાત્મક, વ્યાપક અને સાહસિક હોય. અમને Twitter, Facebook, અને Instagramપર અનુસરો. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
ਮੋਨਿਕਾ ਦੁੱਗਲ (Monika Duggal)
ਕੋਆਰਡੀਨੇਟਰ, ਮੀਡੀਆ ਐਂਡ ਕਮਿਉਨਿਟੀ ਐਨਗੇਜਮੈਂਟ
ਸਟ੍ਰੈਟਜਿਕ ਕਮਿਉਨਿਕੇਸ਼ਨ
ਸਿਟੀ ਆਫ ਬ੍ਰੈਂਪਟਨ
905-874-3426 | Monika.Duggal@brampton.ca